ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

એસ ટી ડેપોમાં બસમાંથી ખિસ્સુ કાતરવાના પ્રયાસમાં બે બુઝુર્ગ મહિલાઓ ઝડપાઈ

મુસાફરોએ અને કંડકટરે સતર્કતા દાખવી : મોડેલ ડેપોની સુફિયાણી વાતો વચ્ચે મુસાફરોની સલામતીના નામે મીંડુ

ગાંધીનગર તા ૨

શહેરના એસ ટી ડેપોમાં આજે ફરિ એકવાર સરખેજ રૂટની બસમાંથી મુસાફરોનું ખિસ્સુ કાતરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે અન્ય મુસાફરોની સતર્કતાના લીધે કંડકટરે ખિસ્સા કાતરૂ બે બુઝુર્ગ મહિલાઓને રંગેહાથ ઝડપી લીધી હતી. ડેપોમાં આ ઘટનાને પગલે હોબાળો મચી ગયો હતો.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં વારંવાર મુસાફરોના ખિસ્સા કાતરવામાં આવતી હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવે છે. ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી સામે પ્રશ્ન મંડરાયો છે. આમછતાં પોલીસ પહેરો ગોઠવવાના મામલે કોઈ પગલા લેવાતા નથી. આજે પણ ડેપો સંકુલમાં બપોરના સમયે આંટા મારતી બે બુઝુર્ગ મહિલાઓ મોકાનો લાભ ઉઠાવી હાથફેરો કરવાની વેતરણમાં હતી. સરખેજ રૂટની બસમાં ભીડભાડ ન હોવાથી આ બંન્ને મહિલાઓએ બીજી બસ આવે તે માટે યોગ્ય મોકાની રાહ જોવાનું મુનાસીબ માન્યુ હતું. તેવામાં સરખેજ રૂટની બીજી બસમાં ભીડભાડનો લાભ ઉઠાવી આ બંન્ને મહિલાઓ બસમાં ચઢી હતી. આ દરમિયાન એક મહિલાએ બસમાં બેઠેલી કીશોરીના દફતરમાં હાથ

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર રેન્જ આઈ.જી.પી. હસમુખ પટેલ, એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવ અને એએસપી કરણરાજ વાઘેલાની ઉપસ્થિતિમાં સે-૨૭ એસ.પી. કચેરી ખાતેથી 'જન રક્ષક યોજના' શરુ કરવામાં આવી હતી. દહેગામ આસપાસના ગ્રામ્ય વિસ્તારો મળી ગાંધીનગર ડીવીઝનના વિવિધ ગામોમાં મળીને ૧૭૦ જેટલા ઉત્સાહી ગ્રામ પ્રતિનિધિની પસંદગી કરીને તેમને જનરક્ષક બનાવવામાં આવ્યા છે. જે હવે પોલીસની સાથે સતત સંપર્કમાં રહી અસામાજીક પ્રવૃત્તિઓની જાણ પોલીસને કરશે. તે ઉપરાંત રાત્રીના સમયે પોતાના જ વિસ્તારમાં પેટ્રોલીંગ પણ કરશે. પોલીસે આજે તેમને ટી-શર્ટ અને કાઠી આપી આજથી યોજનાનો પ્રારંભ કર્યો છે તે ઉપરાંત આસપાસના ગામોમાં ચાલતી ચોર-લુંટારુંઓની અફવાઓથી દુર રહેવા વિસ્તૃત સમજણ અને દાખલાઓ પણ આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ લોક દરબારનું આયોજન થયું હતું. તે ઉપરાંત શુક્રવારે (આજે) દહેગામ અને ડભોડામાં પણ લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું છે.

અફવાઓથી ગ્રામ્યજીવન અસ્ત-વ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૮

'વા વાયાથી નળીયુ ખસ્યુ, તે જોઈને કુતરૂ ભસ્યુ..., કોઈ કહે મેં દીઠો ચોર... ત્યાં થઈ ગયો શોર બકોર..!' ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આ જ પરિસ્થિતિ સર્જાઈ જવા પામી છે. ચારેય તરફથી ચોર-લુટારૂઓની અફવાઓના સ્હેજ પણ ખરાઈ કર્યા વિનાની અફવાઓનું આક્રમણ ગ્રામજનો પર થઈ રહ્યું છે. જેને કારણે તેમના જીવ અધ્ધર થઈ ગયા છે અને હથિયારો લઈને રોડ-રસ્તાઓ પર આવવા લાગ્યા છે. જો કે જાગૃતતા આવતા ધીમે ધીમે અફવાઓનું પ્રમાણ ઘટી રહ્યું છે અને ગ્રામજનોમાં પણ હાંશકારો થવા લાગ્યો છે. જો કે આજે ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં ચારેક રમુજ ફેલાવે તેવી ઘટનાઓ બની હતી. તેમ છતાં ગ્રામજનોના જીવ તાળવે ચોંટ્યા હતા. હવે ગ્રામજનો અફવાઓ સાંભળવાનું અને ફેલાવવાનું બંધ કરે ત્યારે જ માહોલ સાવ શાંત થશે તે વાતમાં બે મત નથી..!

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

અફવાનો આતંક - ગાંધીનગર જિલ્લાના નદી પારના ગામોમાં અફવાઓએ આતંક પ્રસરાવ્યો છે... રોજ રાત્રે ચોર-લૂંટારાઓની ટોળકી ત્રાટકી છે એવી અફવાઓના પગલે ગ્રામલોકો હથિયારો લઈ ટોળાબંધ રીતે બહાર નિકળી પડે છે અને રખેવાળી કરતાં-કરતાં વાતનું વતેસર થઈ જાય છે... ડભોડા (રામનગર) વિસ્તારમાં ચોર-લૂંટારા આવ્યાની બૂમાબૂમથી ગ્રામજનો લાકડી-ધોકા-ધારીયા લઈ ખેતરોમાં પહોંચ્યા હતા... આ તસવીર માત્ર એક ગામની છે... પણ વાત ગામેગામની છે... આવા જ દૃશ્યો ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના ગામડાઓમાં છેલ્લા છ દિવસથી ઉભા થાય છે... ગ્રામજનો અફવાઓના ભોગ બની રહ્યા છે... પોલીસ પ્રયાસ કરે છે પરંતુ પોલીસને જોતાં ઉશ્કેરાય છે... આમ સમગ્ર મામલો ચિંતાજનક સ્થિતિમાં પલટાઈ રહ્યો છે...

એક દિવસમાં ગાંધીનગર આસપાસ બનેલી કેટલીક ઘટનાઓ પર નજર નાખીએ તો જેને રમુજી કિસ્સા ગણવા કે ચોર-લુંટારૂઓનો આતંક... તે ગ્રામજનોએ જ નક્કી કરવાનું છે..!

પાલજ ગામમાં ૨૦ વર્ષના જીગર રબારી નામના યુવાનને ચોર-લુંટારૂ ગેંગે આવીને ગળે ચપ્પુ માર્યુ અને ભાગી ગયા..! ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રાત્રે જ યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. ચપ્પુ માર્યાની વાત ગણતરીની મીનીટોમાં આખા ગામમાં અને ત્યાર બાદ આસપાસના ગામોમાં વહેતી થઈ ગઈ..! પોલીસે મેડીકલ એક્ઝામીનેશન કરાવ્યુ અને ફરીયાદ દાખલ કરવા કહ્યુ તો યુવાને સ્પષ્ટ ના પાડી દીધી. મેડીકલ એક્ઝામીનેશન રીપોર્ટ આવ્યો અને પોલીસે તપાસ કરી તો યુવાનને ચપ્પુ નહી પરંતુ ઝાડીઓ તરફથી ઘરે જતી વખતે કાંટા વાગ્યા હોવાનું ખુલ્યું હતું. આ યુવાન ઝાડીઓમાંથી પરત ફરી રહ્યો હતો ત્યારે અચાનક ચોર-લુંટારૂઓ વાળી અફવા મનમાં ઘુમવા લાગતા તે ભાગ્યો અને ઝાડીઓમાં ગળે કાંટો વાગી ગયો હતો..! તો બીજી તરફ ટીંટોડા ગામમાં બે બાળકોનુંકીડનેપીંગ કરીને ચોર-લુંટારૂઓ ભાગી ગયાની વાત આવી હતી. પોલીસે સ્થળ પર જઈને તપાસ કરી તો તે બાળકો સંતાકુકડી રમતા હોવાથી સંતાઈ ગયા હતા. બાળકોએ જ કહ્યું કે અમને તો કોઈ ઉપાડી ગયુ નથી અમે સંતાઈ

ચારેય તરફથી અફવાઓનો મારો થતો હોવાથી ગ્રામજનોનાં જીવ અદ્ધર રહે છે : પાલજના યુવાનને ઝાડીઓ તરફથી આવતા કાંટો વાગ્યો ને ચોરોએ ચપ્પુ માર્યુ હોવાની અફવા ફરી : ટીંટોડામાં છોકરાઓ સંતાકુકડી રમતા હતા ને કીડનેપીંગની અફવા ઉછળી : અંબોડમાં ચોરો સંતાયાના મેસેજથી પોલીસે એક કલાક આખુ ગામ ખુંદ્યુ પણ કોઈ ન મળ્યું..!

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર શહેર-જિલ્લાના પ્રશ્નો અંગે કોંગ્રેસે કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

કોલવડા પ્રકરણમાં ન્યાયિક તપાસ : આરોગ્યતંત્રની સેવા સુધારણા માટે માંગ; કાયદો-વ્યવસ્થા તેમજ ઈન્ચાર્જથી ચાલતી કચેરીઓ સહિતના મુદ્દાઓ રજુ કરાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકાના અતિ વિવાદાસ્પદ બનેલ કોલવડા શિક્ષક પ્રકરણમાં ન્યાયિક તપાસની માંગ જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ આજે કરી છે.

જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકરને આપેલા ૧૦ જેટલા પ્રશ્નોના તાકીદ ઉકેલ માટે કરાયેલી રજુઆતમાં આ મુદ્દો સાતમા કમે દર્શાવવામાં આવ્યો છે.

જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ જણાવ્યું છે કે આ પ્રશ્ને ખુબ મોટો ઉહાપોહ થયો છે તે બાબતે ન્યાયિક તપાસ કરી અને જવાબદારો સામે કાર્યવાહી કરવી જોઈએ.

આ આવેદન-પત્રમાં આગેવાનોએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી ટોળકીના હુમલાઓની ચાલતી અફવાઓથી પ્રજામાનસમાં વ્યાપેલા ભયને દૂર કરવામાં તંત્ર નિષ્ફળ રહ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

જિલ્લાની કચેરીઓમાં ખાલી પડેલી જગ્યાઓ વણપુરાયેલી રહેવાને કારણે તંત્ર પ્રજાભિમુખ બની નહિ પણ આપખુદશાહીથી ચાલતુ હોય તેવુ ચિત્ર ઉપસે છે. આ આવેદન-પત્રમાં જણાવાયું છે કે જિલ્લાની ઘણી કચેરીઓમાં નીચેના કર્મચારીઓના ચાર્જથી ચાલે છે. પ્રજાના પ્રશ્નો વણઉકલ્યા છે. કેટલાક અધિકારીઓ એક કરતાં વધુ ચાર્જ ધરાવતા હોવાથી પણ તંત્ર કથળ્યુ છે.

આ આવેદન-પત્રમાં સિવિલ હોસ્પિટલનું સંચાલન મેડીકલ કોલેજ હસ્તક મુકાતાં કોન્ટ્રેક્ટ પર કામ કરતા કર્મચારીઓ દર્દીઓને ગુણવત્તાસભર સારવાર નહિ આપતા હોવાનું તેમજ સફાઈ સહિત

● અનુસંધાન પાન-૭ પર

આજે જિલ્લા ભાજપની ચિંતન બેઠક

મોદી સમાજ ભવન ખાતે સાંજે ૫ વાગે મળનારી બેઠકમાં પ્રભારી દિનેશ શર્મા, રૂપાલા, ફલદુ, ભીખુભાઈ દલસાણિયા, કે.સી. પટેલ સહિતના આગેવાનો પ્રભારી મંત્રી અને ચુનંદા નેતાઓ મળશે

ગાંધીનગર, તા.૨

આજે ગાંધીનગર જિલ્લા ભાજપના ચુનંદા નેતાઓ સાથે પ્રદેશ અને રાષ્ટ્રીય આગેવાનો ચિંતન કરશે.

જિલ્લા ભાજપ દ્વારા રાંધેજા-પેથાપુર માર્ગ પર આવેલી મોદી સમાજની વાડી ખાતે સાંજે પાંચ વાગ્યાથી આ ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યુંછે. એ પૂર્વે સવારે પક્ષના હોદ્દેદારો સાથે અલગથી બેઠક કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

પક્ષના નિકટવર્તી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાના ચુનંદા નેતાઓમાં ૨૦૧૨ની ચૂંટણી લડેલા પક્ષના ઉમેદવારો, ધારાસભ્યો સાંસદો ઉપરાંત પક્ષના મહામંત્રી, જિલ્લાના પ્રભારીઓ, પ્રભારી મંત્રીશ્રી, બોર્ડ-નિગમના ચેરમેન અનેનિયામક મંડળના સભ્યોનો સમાવેશ થાય છે.

આગામી દિવસોમાં યોજાનાર પંચાયતની ચૂંટણીઓ, પક્ષના મહાસંપર્ક અભિયાન, સીમાંકન, સરકાર સાથેના પડતર પ્રશ્નો સહિતના મુદ્દાઓ ઉપરાંત પક્ષના સંગઠ્ઠનને મજબુત બનાવવા માટેનું ચિંતન કરવામાં આવશે.

આ ચિંતન બેઠકમાં મહાસંપર્ક અભિયાનના સહ ઈન્ચાર્જ શ્રી કે.સી. પટેલ ઉપરાંત રાષ્ટ્રીય અગ્રણી અને ગુજરાતના પ્રભારી દિનેશ શર્મા, પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ, શ્રી ભીખુભાઈ દલસાણિયા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા ખાસ ઉપસ્થિત રહેનાર છે.

આ ચિંતન બેઠકમાં પંચાયતના નવા સીમાંકન અંગે તેમજ પક્ષ દ્વારા કરવામાં આવેલ તૈયારીઓની સમીક્ષા કરવામાં આવશે. પંચાયતની ૧૨ જેટલી બેઠકો માટે વાંધા સૂચન આવતાં પક્ષની નેતાગીરી પણ ચિંતીત બની હોવાનું પક્ષના આંતરિક વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

સંગઠ્ઠન દ્વારા દાખવવામાં આવતી ઉદાસીનતા તેમજ ચૂંટાયેલી પાંખ અને સંગઠ્ઠન વચ્ચેની ખાઈ સહિતની બાબતો ચર્ચામાં ખાસ રહેશે તેમ મનાઈ રહ્યું છે. ખાસ કરીને સરકારી કાર્યક્રમોમાં પક્ષના ઉદાસીન વલણની ગંભીર નોંધ લેવાઈ છે. આ ઉપરાંત સભ્ય નોંધણી ઝુંબેશ બાદ મહાસંપર્ક અભિયાન જે રીતે ચાલવું જોઈએ તે ચાલતું નહિ હોવાની, પુનઃ જાગરણ અભિયાનમાં જનતાનો મોળો પ્રતિસાદ સહિતની બાબતો ચર્ચામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

ખાસ કરીને વિશ્વ યોગ દિવસની ઉજવણી, કૃષિ મહોત્સવની ઉજવણી, શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમોમાં સંગઠ્ઠનની ઉદાસીન કામગીરી રાજકીય વાતાવરણમાં ભારે ચર્ચાસ્પદ બની છે. આ ઉપરાંત પક્ષના આગેવાનો દ્વારા જે ચૂંટણીના પરિપ્રેક્ષ્યમાં તૈયારીઓ આરંભાવી જોઈએ તે નહિ આરંભાઈ હોવાથી પણ પ્રદેશ કક્ષાએ નારાજગીની લાગણી પહોંચી છે.

પાટનગર યોજના ભવનમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ૮ જગ્યા ખાલી

જુનિયર કલાર્ક તેમજ વર્ક આસીસ્ટન્ટની પણ ૫૦ ટકા ઘટ

ગાંધીનગર તા ૨

પાટનગર યોજનોનો વહિવટ ખાડે ગયો છે. મેન પાવરના અભાવે અધિકારીઓના માથે કામનુ ભારણ વધતા વહિવટ કથળયો છે. આમ અરજદારોની રજુઆતો સાંભળવા માટે પણ કચેરીમાં જાણે કોઈ હોતુ નથી. નાયબ કાર્ય પાલક ઈજનેરોના વયનિવૃતિના દૌર બાદ મોટાભાગની ડીવિઝનલ કચેરીઓ ખાલીખમ જોવા મળે છે. ભવનમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ૨૧ પૈકી ૮ જગ્યાઓ ખાલી છે. જયારે જુનિયર કલાર્કની કેડર ખતમ થવા તરફ છે. જેની ૪૦ જેટલી જગ્યા ખાલી છે. આ ઉપરાંત એસ ઓ ની ઘટ પણ ઈજનેરો માટે શિરદર્દ સમાન બની છે.

શહેરમાં પાણી ગટર તેમજ રસ્તાના વિવિધ કામો ઉપરાંત વિકાસના નવા પ્રોજેકટની જવાબદારીનું કામ જેના શીરે છે તેવા પાટનગર યોજના ભવનમાં છેલ્લા એક વર્ષથી મેન પાવરનો ભારોભાર

● અનુસંધાન પાન-૭ પર

ટાઉનહાલના રીનાવેશન પ્રોજેકટને મુવ કરવા ટુંકમાં નકશા તૈયાર થઈ જશે

વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ટાઉન પ્લાનીંગને સુચના આપી

ગાંધીનગર તા ૨

શહરના ટાઉન હોલને કંગાળ હાલતમાંથી ઉગારવા લાંબા સમયથી રીનોવેશનનો પ્રાજેકટ આગળ વધારી શકાયો નથી. ટાઉન પ્લાનિંગ કક્ષાએથી પણ ટાઉનહોલના નવિનિકરણ સંદર્ભે નકશા તૈયાર ન થતા યોજના આગળ વધી શકી નથી. જયારે આ મામલે વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ટાઉન પ્લાનરને ટુંકમાં ટાઉનહોલના રિનોવેશન પ્રોજેકેટને અનુલક્ષી નકશા તૈયાર કરી દેવા સુચના આપી દિધી છે.

શહેરના ટાઉનહોલની કંગાળ હાલતને લઈન કલાકારો તેમજ આમ નાગરિકોમાં તિવ્ર આક્રોશ પ્રવર્તયો છે. કાર્યક્રમના આયોજકો માટે પણ પૈસા ખર્ચીને શિરદર્દ ઉભો કરવા જેવી સ્થિતિ સર્જાય છે. દાયકાના અંતે પણ ટાઉનહોલની યોગ્ય મરામત ન થતા ખાડે ગયેલી સ્ટેજની વ્યવસ્થા તેમજ સાંકડી બેઠક વ્યવસ્થા શ્રોતાઓ માટે પરેશાનીરૂપ બની છે. માર્ગ મકાન વિભાગ દ્વારા ટાઉનહોલને મરણપથારીએથી બેઠો કરવા રીનોવેશનનો પ્રાજેકટ તૈયાર કરી ટાઉન પ્લાનિંગને નકશા તૈયાર કરવા સપ્રત કરી દિધો છે. પરંતુ લાંબા સમયના મામલે પણ આ દિશામાં કોઈ આખરી આયોજન થઈ શકયું ન હોવાનું સ્પષ્ટ થતા સમસ્યાનો નિવેડો આવ્યો નથી. જયારે છાશવારે પરચુરણ રીપેરીંગ કામ કરીને હોલને ચાલુ રાખવામાં આવે છે. જેના લીધે તગડી રકમ ચુકવી હોલ ભાડે રાખતા આયોજકો માટે પણ ઘણીવાર મુસીબતોનો સામનો કરવો પડે છે. આવા સંજોગોમાં ટાઉનહોલના રીનોવેશનના પ્રોજેકટને આગળ ધપાવવા વિભાગના ઉચ્ચ અધિકારીઓએ ફોલ અપ લેવાનું શરૂ કરી દિધુ હોવાનું સ્પષ્ટ થયું છે. આ મામલે ટાઉન પ્લાનિંગના અધિકારીઓને નકશા તૈયાર કરી સુપ્રત કરી દેવા જણાંવાયુ છે. જેના અંતે એસ્ટીમેટ તૈયાર કરી પ્રાજેકટ સંદર્ભે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

લવિંગ-કુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ
દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન
જે આપનાં માટે
ફાયદાકારક છે
Maans Nirdosh
ફિલ્ટર સાથે
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને તેલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
TOBACCO 100% FREE
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા), મો.: 9909698314
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com